For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### નવસારી-મરોલી વચ્ચે પાણી ભરાવાના કારણે રેલવે પ્રભાવિત

# દ.ગુજરાતમાં વરસાદની અસર : વંદે ભારત, તેજસ, શતાબ્દી સહિતની પ્રીમિયમ ટ્રેનો રદ

**વડોદરા**-અમદાવાદની 20થી વધુ ટ્રેનો રદ, 4 ટ્રેનોના સમય બદલાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનમાં નવસારી-મરોલી વચ્ચે ભારે વરસાદને કારણે પાણી ભરાવાના કારણે પશ્ચિમ રેલવેનું સંચાલન પ્રભાવિત થયું છે. DRM વડોદરા દ્વારા જારી કરાયેલી માહિતી અનુસાર, 08 જુલાઈ બુધવારના રોજ ગુજરાત-મહારાષ્ટ્ર રૂટની અનેક ટ્રેનો રદ કરવામાં આવી છે અને કેટલીક ટ્રેનોના સમય બદલવામાં આવ્યા છે.

પશ્ચિમ રેલવેએ મુસાફરોને અપીલ કરી છે કે તેઓ મુસાફરી કરતા પહેલા ટ્રેનોની સ્થિતિ વેબસાઇટ પર ચેક કરી લે. વરસાદની સ્થિતિ સુધર્યા બાદ જ ટ્રેન સેવાઓ સામાન્ય થશે તેવું રેલવે તંત્ર દ્વારા જણાવાયું છે.

## ભારે વરસાદ વચ્ચે પણ વડોદરા રેલવે મંડળે સુરક્ષિત રેલ સંચાલન જાળવ્યું

**એડીઆરએમ** નીરજ ધમીજા આખી રાત સ્થળ પર રહ્યા



(પ્રતિનિધિ) વડોદરા,તા.8

સતત પડી રહેલા ભારે વરસાદ અને પ્રતિકૂળ હવામાનની સ્થિતિ વચ્ચે પણ પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના અધિકારીઓ અને કર્મચારીઓ રેલ સંચાલનને સુચારુ રાખવા માટે પૂરી નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્યરત છે.

ડીઆરએમ વડોદરા દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ ગતરાત્રે સાયન સ્ટેશન યાર્ડમાં આવેલા બ્રિજ નંબર 471ના ગર્ડર સુધી પાણીનું સ્તર પહોંચી જતાં મુસાફરોની સુરક્ષાને સર્વોપરી રાખીને રાત્રે 19:30 કલાકે અપ અને ડાઉન બંને લાઈન પર 10 કિ.મી. પ્રતિ કલાકની ઝડપ મર્યાદા સાથે કોશન ઓર્ડર લાગુ કરવામાં આવ્યો હતો. સ્થિતિની ગંભીરતાને જોતા વડોદરા મંડળના અપર ડિવિઝનલ રેલવે મેનેજર નીરજ ધમીજા ઘટનાની શરૂઆતથી જ સ્વયં સ્થળ પર હાજર રહ્યા. તેમણે આખી રાત સ્થળ પર રહીને પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કર્યું અને તમામ સંબંધિત વિભાગો વચ્ચે અસરકારક સંકલન સ્થાપિત કરીને જરૂરી સુરક્ષા પગલાંનો તાત્કાલિક અમલ સુનિશ્ચિત કર્યો. તેમના સક્રિય નેતૃત્વને કારણે પડકારજનક પરિસ્થિતિમાં પણ સુરક્ષિત રેલ સંચાલન જાળવી રાખવામાં મદ મળી. વડોદરા મંડળના એન્જિનિયરિંગ, ઓપરેટિંગ, સિગ્નલ અને ટેલિકોમ, ઈલેક્ટ્રિકલ, આરપીએફ સહિતના તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ આ ચોમાસામાં પણ મેદાનમાં ડટેલા છે. તેમની સતર્કતા, ટીમવર્ક અને કર્તવ્યનિષ્ઠા ભારતીય રેલની તે કાર્યસંસ્કૃતિને દર્શાવે છે જેમાં દરેક પરિસ્થિતિમાં મુસાફરોની સુરક્ષા અને નિર્વિઘ્ન રેલ સંચાલન સૌથી ઉપર છે. રેલવે તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે મુસાફરોની સુરક્ષા સર્વોપરી છે અને સુરક્ષિત તથા સુચારુ રેલ સંચાલન સુનિશ્ચિત કરવાની સાથે મુસાફરોને થતી અસુવિધા ઓછામાં ઓછી રાખવા વડોદરા મંડળ દ્વારા દરેક શક્ય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## મુંબઈ વરસાદની અસર, બે ફ્લાઈટ વડોદરા ડાયવર્ટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં પડી રહેલા ભારે વરસાદ અને ખરાબ હવામાનની અસર હવાઈ તથા રેલ વ્યવહાર પર પડી છે. મુંબઈ એરપોર્ટ પર વિઝિબિલિટી ઓછી થવા અને હવામાનની સ્થિતિને કારણે ફ્લાઈટોના સંચાલનમાં વિક્ષેપ સર્જાયો છે.

વડોદરા એરપોર્ટ પર બે ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી હતી. જેમાં દિલ્હીથી મુંબઈ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ નંબર AI-2975ને વડોદરા ખાતે ઉતારવામાં આવી હતી. જ્યારે વડોદરાથી મુંબઈ જતી ઈન્ડિગોની ફ્લાઈટ નંબર 6E-5060 પણ ખરાબ હવામાનના કારણે મુંબઈ પહોંચી શકી ન હતી અને પરત વડોદરા આવી હતી. મુંબઈ તરફ જતી ટ્રેનો પણ વિલંબથી દોડી રહી છે. એરલાઈન્સ દ્વારા મુસાફરોને ફ્લાઈટનું સ્ટેટસ ચેક કરીને એરપોર્ટ પહોંચવાની સલાહ આપવામાં આવી છે.

### બુધવારે રદ કરાયેલી મુખ્ય ટ્રેનો

1.22930 વડોદરા-દહાનુ રોડ સુપરફાસ્ટ એક્સપ્રેસ
2.22962 અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સ.
3.22961 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ વંદે ભારત એક્સ.
4.12934 અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સ.
5.12933 બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ કર્ણાવતી એક્સ.
6.12932 અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ ડબલ ડેકર એક્સ.
7.12931 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ડબલ ડેકર એક્સ.
8.82902 અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ તેજસ એક્સપ્રેસ
9.82901 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ તેજસ એક્સપ્રેસ
10.20907 દાદર-ભુજ સયાજી નગરી એક્સપ્રેસ
11.12268 હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ

આ ઉપરાંત ઓખા-વેરાવલ, બોરીવલી-નંદુરબાર, ભાવનગર-બાંદ્રા અને અનેક મેમુ ટ્રેનો પણ 08 જુલાઈએ રદ રહેશે. 09 જુલાઈએ નંદુરબાર-બોરીવલી અને વેરાવલ-ઓખા એક્સપ્રેસ તથા 10 જુલાઈએ બોરીવલી-વટવા અને ઓખા-મુંબઈ સૌરાષ્ટ્ર મેલ રદ રહેશે.

### ફેરબદલ કરાયેલી ટ્રેનોના સમય

1.22196 બાંદ્રા ટર્મિનસ-ઝાંસી એક્સપ્રેસ - નિર્ધારિત સમય સવારે 5.10 ને બદલે 7.10 વાગ્યે ઉપડશે.
2.22953 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત સુપરફાસ્ટ- સવારે 5.40 ને બદલે 7.00 વાગ્યે ઉપડશે.
3.12009 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ - સવારે 6.20 ને બદલે 9.20 વાગ્યે ઉપડશે.
4.22717 રાજકોટ-સિકંદરાબાદ એક્સપ્રેસ - રાજકોટથી સવારે 5.30 ને બદલે 7.30 વાગ્યે ઉપડશે.

### અમદાવાદ આવતી-જતી ૧૦ ફ્લાઇટ રદ, ૨૦ ફ્લાઈટ કલાકો લેટ

મુંબઈ, દિલ્હી અને દક્ષિણ ભારતના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદના કારણે દેશભરની હવાઈ સેવાઓ પ્રભાવિત થઈ છે. તેની અસર અમદાવાદ એરપોર્ટ પર પણ જોવા મળી હતી. અમદાવાદ એરપોર્ટ પર આવતી અને જતી કુલ 10 ફ્લાઇટ રદ કરવામાં આવી હતી, જ્યારે 20થી વધુ ફ્લાઇટો કલાકો સુધી વિલંબથી સંચાલિત થઈ હતી. રદ થયેલી ફ્લાઇટોમાં મુંબઈ, દિલ્હી, કોલકાતા, રાયપુર અને જેદ્દાહ રૂટની ફ્લાઇટોનો સમાવેશ થાય છે. ઉપરાંત મુંબઈ, ચેન્નાઈ, બેંગલુરુ અને કોલકાતાથી અમદાવાદ આવતી અનેક ફ્લાઇટો પણ મોડી પહોંચતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘણા મુસાફરોની કનેક્ટિંગ ફ્લાઇટ પણ ચૂકી ગઈ હતી. અમદાવાદ એરપોર્ટ પરથી દરરોજ 250થી વધુ ફ્લાઇટોનું સંચાલન થાય છે. જોકે સતત વરસાદ અને પ્રતિકૂળ હવામાનના કારણે ફ્લાઇટોના સમયપત્રકમાં વિક્ષેપ સર્જાયો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ ભારે વરસાદની આગાહી કરી હોવાથી મુસાફરોને એરપોર્ટ પહોંચતા પહેલાં પોતાની ફ્લાઇટની સ્થિતિ તપાસી લેવાની સલાહ આપવામાં આવી છે.

### વારંવાર રજૂઆત છતાં ઉકેલ નહીં, વાલીઓએ પાલિકા સામે વ્યક્ત કર્યો રોષ

# અટલાદરાની સરકારી શાળામાં કાદવનું સામ્રાજ્ય, વિદ્યાર્થીઓને હાલાકી



**વરસાદી** પાણીના નિકાલના અભાવે પ્રવેશદ્વારથી મેદાન સુધી કાદવ; બાળકોને રોજ મુશ્કેલી

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

ચોમાસાની શરૂઆત સાથે જ વડોદરા મહાનગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરી સામે સવાલો ઊભા થયા છે. અટલાદરા વિસ્તારમાં આવેલી વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ડો. શ્યામા પ્રસાદ મુખર્જી પ્રાથમિક શાળામાં વરસાદી પાણી ભરાવા અને કાદવના કારણે વિદ્યાર્થીઓ તથા વાલીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

શાળાના મુખ્ય પ્રવેશદ્વારથી લઈને સમગ્ર પરિસરમાં વરસાદી પાણી અને કિચ્ચડ ભરાઈ ગયો છે. પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોવાથી વિદ્યાર્થીઓને દરરોજ કાદવમાંથી પસાર થઈને શાળાએ જવું પડે છે. પરિણામે બાળકોના કપડા, બૂટ અને પુસ્તકો ગંદા થઈ જાય છે. લપસીને ઈજા થવાની પણ સતત ભીતિ રહે છે. વરસાદ બાદ શાળાનું મેદાન જાણે તળાવમાં ફેરવાઈ ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ આ સમસ્યા નવી નથી. શાળા પ્રશાસન અને રહીશો દ્વારા અનેક વખત રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. સરકાર એક તરફ શિક્ષણ અને સુવિધાયુક્ત શાળાઓના દાવા કરે છે, જ્યારે બીજી તરફ સરકારી શાળાના વિદ્યાર્થીઓને મૂળભૂત સુવિધાઓથી પણ વંચિત રહેવું પડી રહ્યું છે.

વાલીઓએ જણાવ્યું હતું કે, વરસાદી મોસમમાં બાળકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા બંને જોખમમાં મુકાયા છે. તાત્કાલિક પાણીના નિકાલની વ્યવસ્થા કરી શાળા પરિસરને કાદવમુક્ત બનાવવામાં આવે તેવી તેમની માંગ છે. સ્થાનિકોએ પણ પાલિકા વહેલી તકે કાર્યવાહી કરે અને વિદ્યાર્થીઓને સુરક્ષિત વાતાવરણ ઉપલબ્ધ કરાવે તેવી માંગ ઉઠાવી છે.

### જર્જરિત શાળાઓ અંગે તાત્કાલિક નિર્ણય લવાશે

## જર્જરિત શાળાઓનું તકનીકી મૂલ્યાંકન થશે સમારકામ અથવા નવી ઇમારત બનાવાશે

**શૈક્ષણિક** સુવિધાઓ મળી રહે અને કાયમી ઉકેલ આવે તે માટે આયોજનબદ્ધ કામગીરી હાથ ધરાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

વડોદરા શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી શાળાઓમાં જર્જરિત ઈમારતો અને વિદ્યાર્થીઓને પડતી સમસ્યાઓના નિરાકરણ માટે મેયરની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ સંકલન બેઠક યોજાઈ હતી.

બેઠકમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન, શાસનાધિકારી, ડેપ્યુટી મેયર, સ્થાયી સમિતિના ચેરમેન તેમજ વડોદરા મહાનગરપાલિકાના ચારેય ઝોનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન શહેરની જર્જરિત જાહેર કરાયેલી શાળાઓની હાલની સ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. તંત્ર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે તમામ જર્જરિત શાળાઓનું તકનીકી મૂલ્યાંકન કરવામાં આવશે. જે શાળાઓનું સમારકામ શક્ય હશે ત્યાં તાત્કાલિક રિપેરિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. જ્યારે અત્યંત જર્જરિત અને જોખમી ઈમારતોને ડિમોલિશન કરીને નવી સુવિધાસભર શાળાઓના નિર્માણ માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. બેઠકમાં હાલ એક જ કેમ્પસમાં બે કે ત્રણ શાળાઓના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોવાથી સર્જાતી અવ્યવસ્થા અને શૈક્ષણિક મુશ્કેલીઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને વધુ સારી શૈક્ષણિક સુવિધાઓ મળી રહે અને કાયમી ઉકેલ આવે તે માટે આયોજનબદ્ધ કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું તંત્રએ જણાવ્યું હતું. વિદ્યાર્થીઓની સલામતી અને ગુણવત્તાયુક્ત શિક્ષણને પ્રાથમિકતા આપીને જરૂરી કામગીરી તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે.

## મકરપુરામાં બાંધકામ દરમિયાન શ્રમિક બીજા માળેથી પટકાયો

**સેફ્ટી** બેલ્ટ સહિત સુરક્ષા સાધનોના અભાવની ચર્ચા; સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ



(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરાના મકરપુરા વિસ્તારમાં એસ.ટી. ડેપો પાછળ આવેલી અનંત ટેનામેન્ટ સોસાયટીમાં બાંધકામ દરમિયાન એક શ્રમિક બીજા માળેથી નીચે પટકાતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્તને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

માહિતી મુજબ, 28 વર્ષીય કિરણભાઈ ધરબદા મકાનના બીજા માળે ચણતર અને પ્લાસ્ટરનું કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક સંતુલન ગુમાવતાં તેઓ નીચે પટકાયા હતા. અકસ્માત બાદ આસપાસના લોકો દોડી આવ્યા અને તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં બાંધકામ સ્થળે સેફ્ટી બેલ્ટ સહિત જરૂરી સુરક્ષા સાધનોનો ઉપયોગ ન થતો હોવાનું સામે આવ્યું છે. કામદારો માટે વીમા કવચની વ્યવસ્થા અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે. કોન્ટ્રાક્ટર હિતેશ માછીએ ઘટના અંગે જવાબદારી સ્વીકારી હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં સ્થાનિક તંત્રે તપાસ શરૂ કરી છે. બાંધકામ દરમિયાન સુરક્ષા ધોરણોના પાલનમાં બેદરકારી રાખનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. આ બનાવ બાદ શ્રમિકોની સુરક્ષા અંગે ફરી એકવાર ગંભીર ચર્ચા શરૂ થઈ છે.

### અપરીણીત શખ્સે ચોકલેટ આપવાના બહાને ઘરમા આવી બાળકી સાથે હવસ સંતોષી

# છાણી વિસ્તારમાં ૯ વર્ષની માસૂમ બાળકી પર ૫૭ વર્ષીય નરાધમ આધેડે દુષ્કર્મ ગુજાર્યુ

**બહાર** ગયેલા માતા-પિતાએ આરોપીને રંગેહાથ પકડી પોલીસને સોંપ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા શહેરમાં સગીરાઓ સામેના ગુનાઓના બનાવોમાં વધારો ચિંતાનો વિષય બન્યો છે. છાણી વિસ્તારમાં 9 વર્ષની બાળકી પર 57 વર્ષીય વ્યક્તિએ દુષ્કર્મ આચર્યાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. ઘટનાની જાણ થતાં પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ છાણી વિસ્તારમાં રહેતો જગદીશ ગોહિલ (ઉં.57) ખાનગી કંપનીમાં કામ કરે છે. આરોપી ચોકલેટ અને નાસ્તો આપવાના બહાને આસપાસના બાળકો સાથે ઓળખાણ કેળવતો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

ઘટનાના દિવસે બાળકીના માતા-પિતા કામ પર ગયા હતા અને બાળકી પોતાના નાના ભાઈઓ સાથે ઘરમાં હતી. તે દરમિયાન આરોપી ચોકલેટ આપવાના બહાને ઘરમાં પ્રવેશ્યો અને બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ છે. આરોપીએ ઘટનાની જાણ કોઈને કરશો તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

દરમિયાન નજીકની દુકાન ચલાવતી એક મહિલાને શંકા જતાં તેણે ઘટનાનો વીડિયો ઉતાર્યો હતો. પોલીસે પોક્સો સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી આરોપીના રિમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે.

### ધાર્મિક વિધિના બહાને સગીરા પર દુષ્કર્મ ગુજારનાર જેલભેગો



દત્તક પુત્રીના સ્વભાવમાં સુધારો લાવવા ધાર્મિક વિધિ કરવા બોલાવેલા 70 વર્ષીય નરેન્દ્ર દિનકર ભટ્ટે (રહે.ગોત્રી) ધોરણ-11માં અભ્યાસ કરતી સગીરા સાથે દુષ્કર્મ કરતાં તેને હિંમત દાખવી આરોપીની હરકતોનો વીડિયો મોબાઇલમાં કેદ કરતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. અકોટા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે.

### અકોટામાં સગીરા પર દુષ્કર્મ

અકોટા વિસ્તારમાં રહેતા સંબંધીઓના ઘરે આવેલી રાજસ્થાનની 17 વર્ષની સગીરા પર ઓળખીતા યુવકે દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાઈ છે. ઘટના બાદ આરોપી રાજસ્થાન ભાગી ગયો હોવાનું જાણવા મળ્યું છે. સગીરાના પરિવારની ફરિયાદના આધારે અકોટા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ માટે રાજસ્થાન પોલીસ ટીમ રવાના કરી છે.

## મકાન ધરાશાયી થયાનો ખોટો કોલ મળતા ફાયર વિભાગ દોડતું થયું

**માંડવીની** ઘંટિયાળા પોળ પહોંચતા ઇમારત પહેલેથી જ જર્જરિત હોવાનું બહાર આવ્યું; ખોટો કોલ કરનાર સામે કાર્યવાહી થશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.8

ચોમાસાની ઋતુમાં જર્જરિત મકાનોને લઈને તંત્ર એલર્ટ વચ્ચે વડોદરાના માંડવી વિસ્તારમાં મકાન ધરાશાયી થયાનો ખોટો કોલ મળતા ફાયર બ્રિગેડ અને વડોદરા મહાનગરપાલિકાની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

માહિતી મુજબ, માંડવીની ઘંટિયાળા પોળમાં એક મકાન પડી ગયું હોવાની જાણ ફાયર વિભાગને કરવામાં આવી હતી. કોલ મળતા જ ફાયર બ્રિગેડ અને પાલિકાના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. જોકે તપાસ દરમિયાન જાણવા મળ્યું કે જે જર્જરિત મકાનની વાત કરવામાં આવી હતી તેનો મોટો ભાગ અગાઉથી જ ધરાશાયી થઈ ચૂક્યો હતો અને હાલ ત્યાં કોઈ નવી ઘટના બની નહોતી.

વોર્ડ-14ના એન્જિનિયરિંગ વિભાગના અધિકારી મોલેશ ચૌહાણે જણાવ્યું હતું કે, કંટ્રોલ રૂમમાંથી કોલ મળતા ટીમ તાત્કાલિક પહોંચી હતી. હવે મકાન સંબંધિત નોટિસની તપાસ કરી મકાન માલિકનો સંપર્ક કરીને જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

ફાયર વિભાગે ખોટો કોલ કરનાર અજાણ્યા વ્યક્તિની ઓળખ માટે તપાસ શરૂ કરી છે. કટોકટીના સમયે ખોટી માહિતી આપી સરકારી તંત્રનો સમય બગાડનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ નાગરિકોને અફવા કે ખોટા કોલ ન કરવા અપીલ કરવામાં આવી છે.

### ઉમેદવારોના ચૂંટણી ખર્ચ પર રહેશે ખાસ નજર, ખર્ચ નિરીક્ષકની નિમણૂક

# માંજલપુર પેટાચૂંટણી માટે તંત્ર એલર્ટ, આચારસંહિતાનો કડક અમલ

**ફ્લાઈંગ** સ્ક્વોડ અને સર્વેલન્સ ટીમો સક્રિય, મતદારોને નિર્ભય મતદાન કરવાની અપીલ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૮

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર, વડોદરાની મહત્વની એવી માંજલપુર વિધાનસભા બેઠક માટે ચૂંટણી પ્રક્રિયાનો વિધિવત પ્રારંભ થઈ ચૂક્યો છે. આ ચૂંટણીને મુક્ત, નિષ્પક્ષ અને પારદર્શક રીતે સંપન્ન કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું છે. આદર્શ આચારસંહિતાનો કડક અમલ કરાવવા માટે તંત્રે કમર કસી છે.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. ખાસ કરીને ઉમેદવારોના ચૂંટણી ખર્ચ પર દેખરેખ રાખવા માટે ખર્ચ નિરીક્ષકની નિમણૂક કરવામાં આવી છે. જેઓ ઉમેદવારોના ખર્ચના હિસાબોની સતત ચકાસણી કરશે.

મતદારોને પ્રલોભન આપવા કે નાણાં અથવા ભેટ-સોગાદોનું વિતરણ રોકવા માટે સમગ્ર મતવિસ્તારમાં વિવિધ ફ્લાઈંગ સ્ક્વોડ અને સર્વેલન્સ ટીમોને કાર્યરત કરવામાં આવી છે. આ ટીમો સતત પેટ્રોલિંગ કરી રહી છે અને શંકાસ્પદ હિલચાલ પર બાજ નજર રાખી રહી છે. આ તમામ ટીમોની કામગીરીનું સતત મોનિટરિંગ કંટ્રોલ રૂમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

ચૂંટણી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ કોઈપણ પ્રકારના ડર કે પ્રલોભન વગર મતદાન કરે. ચૂંટણી સંબંધિત કોઈપણ પ્રકારની ફરિયાદ કે ગેરરીતિની જાણકારી આપવા માટે તંત્ર દ્વારા ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. ઉપરાંત, ખર્ચ નિરીક્ષકનો સંપર્ક નંબર પણ ટૂંક સમયમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે, જેથી નાગરિકો સીધો સંપર્ક કરી શકે. માંજલપુર મતવિસ્તારના તમામ નાગરિકોને લોકશાહીના આ મહાપર્વમાં ઉત્સાહપૂર્વક સહભાગી થવા અને મતદાનના પવિત્ર અધિકારનો ઉપયોગ કરવા તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## વડોદરા જિલ્લામાં મેઘમહેર, ૨૪ કલાકમાં ૨૦ મિ.મી. વરસાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

વડોદરા જિલ્લામાં ચોમાસાનો વરસાદ યથાવત રહ્યો છે. જિલ્લા કંટ્રોલ રૂમના આંકડા મુજબ છેલ્લા 24 કલાકમાં જિલ્લામાં સરેરાશ 20.13 મિ.મી. વરસાદ નોંધાયો છે. આ સાથે સિઝનનો કુલ સરેરાશ વરસાદ 153.75 મિ.મી. થયો છે.

તાલુકાવાર વરસાદમાં શિનોર તાલુકામાં સૌથી વધુ 46 મિ.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે કરજણમાં 31 મિ.મી., વડોદરા શહેર અને ડેસરમાં 24-24 મિ.મી., ડભોઈમાં 16 મિ.મી., વાઘોડિયામાં 14 મિ.મી. અને સાવલીમાં 6 મિ.મી. વરસાદ નોંધાયો હતો. પાદરા તાલુકામાં છેલ્લા 24 કલાકમાં વરસાદ નોંધાયો નથી. વડોદરા શહેરમાં વહેલી સવારે 2થી 4 વાગ્યા દરમિયાન 22 મિ.મી. વરસાદ પડતાં કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ છૂટોછવાયો વરસાદ ચાલુ રહેવાની આગાહી કરી છે.

### ડ્રેનેજ લાઇનની ૨૫ મીટર લાંબી ડ્રેનેજ ચરી ધસી જતાં મનપાની કાર્યવાહી

# અમૃત-૨ યોજનાના કામમાં બેદરકારી બદલ કોન્ટ્રાક્ટરને રૂ.૧ લાખનો દંડ

**રિસ્ટોરેશન** કામગીરી શરૂ; ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ નહીં થાય : મનપા

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ચાલી રહેલા વિકાસલક્ષી કાર્યોની ગુણવત્તા અને સુરક્ષા બાબતે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. શહેરમાં કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી 'અમૃત-૨' યોજના અંતર્ગત નવીન ડ્રેનેજ નેટવર્ક અને એપીએસ પ્રેશર લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે, જેમાં ગંભીર બેદરકારી દાખવવા બદલ મહાનગરપાલિકાના તંત્ર દ્વારા સંબંધિત કોન્ટ્રાક્ટર કંપની સામે શિક્ષાત્મક પગલાં ભરીને ભારે દંડ ફટકારવામાં આવ્યો છે.

મળતી વિગતો અનુસાર, વડોદરાના પ્રકૃતિ રોઝડેલ વાટિકા વિસ્તાર નજીક ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી જાણીતી એજન્સી દિનેશચંદ્ર આર. અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ચલાવવામાં આવી રહી હતી. આ કામગીરી દરમિયાન લાઈન નાખ્યા બાદ ખોદવામાં આવેલી ચરી યોગ્ય રીતે પૂરવામાં આવી ન હતી. પરિણામે, આશરે ૨૫ મીટર જેટલી લાંબી ચરી જમીનમાં ધસી ગઈ હતી. ચોમાસાની ઋતુમાં અથવા સામાન્ય દિવસોમાં પણ આ પ્રકારની બેદરકારીના કારણે મોટો અકસ્માત સર્જાવાની સંભાવના રહે છે, જે સ્થાનિક રહીશો અને વાહનચાલકોની સુરક્ષા સામે મોટો ખતરો ઉભો કરે છે.

મનપા દ્વારા બેદરકાર કોન્ટ્રાક્ટર એજન્સીને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે અને તેની સાથે જ રૂપિયા એક લાખ નો મસમોટો દંડ ફટકાર્યો છે. આ સાથે જ કોર્પોરેશન દ્વારા યુદ્ધના ધોરણે ધસી ગયેલી ચરીનું રિસ્ટોરેશન એટલે કે સમારકામ શરૂ કરાવી દેવામાં આવ્યું છે, જેથી નાગરિકોને કોઈ હાલાકી ન ભોગવવી પડે. ડ્રેનેજ વિભાગના અધિકારી મહેશ વણકરે સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું હતું કે, "વિસ્તારમાં અમૃત-૨ યોજના હેઠળ નવીન ડ્રેનેજ નેટવર્ક એપીએસ પ્રેશર લાઈનની કામગીરી ઈજારદાર દિનેશચંદ્ર આર. અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ચાલી રહેલ છે. જે અંતર્ગત પ્રકૃતિ રોઝડેલ વાટિકા પાસે ડ્રેનેજ લાઈન નાખવામાં આવી હતી તેની ચરી લગભગ ૨૫ મીટર જેટલી લંબાઈમાં બેસી ગયેલ છે. જેનું રિસ્ટોરેશન હાલ કરવામાં આવી રહ્યું છે, જે પેટે ઈજારદારને તાત્કાલિક નોટિસ આપી એક લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. વિકાસ કાર્યોમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ નહીં થાય.

## ૬.૫૦ લાખ સામે ૧૭ લાખનુ વ્યાજ વસૂલનાર સામે ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.8

નવાપુરા વિસ્તારમાં ઊંચા વ્યાજે નાણાં આપ્યા બાદ વૃદ્ધના પેન્શન ખાતામાંથી લાખો રૂપિયા ઉપાડી લીધા હોવાનો તેમજ ચેક પરત ન આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાના આક્ષેપ સાથે ફરિયાદ નોધાવી છે.

નવાપુરાના દિનેશચંદ્ર ચુનારાના જણાવ્યા મુજબ વર્ષ 2018થી અલગ-અલગ સમયે દિનેશ મોતી ભાઈ શાહ પાસેથી રૂ.6.50 લાખ 6 ટકા વ્યાજે લીધા હતા. આરોપીએ રૂ.7.70 લાખનું સ્ટેમ્પ લખાણ કરાવ્યું તેમજ બેંક ઓફ બરોડાનું એટીએમ કાર્ડ પોતાની પાસે રાખ્યું હતું. વર્ષ 2018થી ફેબ્રુઆરી 2026 દરમિયાન પેન્શન ખાતામાંથી રૂ.24.84 લાખ ઉપાડી લીધા હતા. જેમાંથી રૂ.17.14 લાખ વ્યાજ તરીકે વસૂલ્યા હતા. સિક્યુરિટી તરીકે લીધેલા ચેક પણ પરત ન આપતા અને ચેક બાઉન્સ કેસ તથા જાનથી મારી નાખવાની ધમકી આપતાં નવાપુરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.